# પરિષદવૃત્ત

**સંકલન : અનિલા દલાલ**

(૧) તા. ૨૭-૧-૦૯ અને ૨૮-૧-૦૯ – ગુજરાતી સાહિત્ય પરિષદ અને ગુજરાત સાહિત્ય અકાદમીના સંયુક્ત ઉપક્રમે પરિષદપ્રમુખશ્રી નારાયણભાઈ દેસાઈની અધ્યક્ષતામાં ‘સાહિત્યમાં વિવિધ સમાજોનું નિરૂપણ’ વિશે પરિસંવાદ યોજાઈ ગયો.

(૨) પરિષદ અંતર્ગત રવીન્દ્રભવન તથા સાબરમતી આશ્રમ સુરક્ષા અને સ્મારક ટ્રસ્ટના ઉપક્રમે ગાંધીજી અને રવીન્દ્રનાથના પત્રો-લેખો પર આધારિત નાટક ‘ધ પ્રોફેટ ઍન્ડ ધ પોએટ’ ગાંધી આશ્રમમાં તા. ૩૦-૧-૨૦૦૯ના રોજ પ્રસ્તુત કરવામાં આવ્યું. આ પરિકલ્પના અને હસ્તપ્રત શ્રી શૈલેષ પારેખે સંપાદિત કરી હતી. પ્રસ્તુતિ બૅંગ્લોરના ‘બૅંગ્લોર લિટલ થિયેટર’ દ્વારા કરવામાં આવી હતી. દિગ્દર્શન શ્રી વિજય પડકીનું હતું.

(૩) તા. ૩૧-૧-૨૦૦૯ના રોજ ફિરોજ શાહ મહેતા ઓડિટોરિયમ-મુંબઈ-માં ગુજરાતી સાહિત્ય પરિષદ અને મુંબઈ વિદ્યાપીઠના ગુજરાતી વિભાગના સંયુક્ત ઉપક્રમે ‘ગની દહીંવાલા વ્યાખ્યાનમાળા’ અંતર્ગત પ્રસિદ્ધ ગઝલકાર શ્રી હેમંતભાઈ ધોરડાનું ‘ગુજરાતી ગઝલનું કાફિયાશાસ્ત્ર’ વિશે વ્યાખ્યાન યોજાયું. મુંબઈ વિદ્યાપીઠના ગુજરાતી વિભાગનાં અધ્યક્ષા ડૉ. ઉર્વશી પંડ્યાએ સ્વાગત-પ્રવચન આપ્યું. પ્રો. ડૉ. રતિલાલ રોહિતે શ્રી હેમંતભાઈનો પરિચય આપ્યો. ગુજરાતી સાહિત્ય પરિષદ વતી ડૉ. અસ્મિતા યાજ્ઞિકે આભારવિધિ કરી હતી.

**– અસ્મિતા યાજ્ઞિક**

(૪) ગુજરાતી સાહિત્ય પરિષદની ‘શ્રી કે. બી. વ્યાસ વ્યાખ્યાનમાળા’નું વ્યાખ્યાન ગાંધીનગર સાહિત્યસભાના સહયોગમાં શ્રી કાલિન્દી પાઠકે તા. ૮-૨-૦૯ના રોજ ગાંધીનગર મુકામે આપ્યું હતું. તેમનો વિષય હતો ‘વાક્યરચનાના સંદર્ભમાં કારકવ્યવસ્થા અને ભાષાશિક્ષણ’ શ્રી કાલિન્દીબહેને વિષયનું વિશદતાથી વિશ્લેષણ કરી આપી ભાષારચના અને વાક્યરચનાનાં પાસાંઓને સ્પષ્ટ કરી આપ્યાં હતાં. વક્તવ્ય પછી પૂર્તિ રૂપે પણ મંતવ્યો રજૂ થયાં હતાં, અને ચર્ચા પણ થઈ હતી.

(૫) પરિષદ અંતર્ગત ‘શ્રી રવિશંકર રાવળ વ્યાખ્યાનશ્રેણી’નું છઠ્ઠું વ્યાખ્યાન તા. ૧૪-૨-૦૯ની સાંજે છબિકાર અને સિનેમેટોગ્રાફર શ્રી નવરોઝ કોન્ટ્રક્ટરે ‘છબિકલા અને સિનેમાક્ષેત્રે મારી યાત્રા’ વિષય પર આપ્યું. જુદા જુદા વિષયો પરની પોતે લીધેલી છબિઓનું નિદર્શન કર્યું, તથા દિગ્દર્શન કરી લીધેલી નાની દસ્તાવેજી ફિલ્મો પણ બતાવી હતી. શ્રી ગુલામ મોહમ્મદ શેખે શ્રી કોન્ટ્રાક્ટરનો પરિચય કરાવ્યો હતો. છબિકલા – પહેલાંની અને આજની – વિશે ચર્ચા થઈ હતી.

(૬) પાક્ષિકીના ઉપક્રમે તા. ૧૨-૨-૦૯ના રોજ શ્રી કાલિન્દી પરીખે નિબંધવાચન કર્યું અને તા. ૧૯-૨-૦૯ના રોજ શ્રી દીના પંડ્યાએ તેમની વાર્તાનું પઠન કર્યું હતું. શ્રી રાજેન્દ્ર પટેલ અને શ્રી ઇતુભાઈ કુરકુટિયા ઉપસ્થિત રહ્યા હતા.

(૭) ‘સર્જક સાથે સંવાદ’ના ઉપક્રમે તા. ૧૭-૨-૦૯ના રોજ શ્રી રતિલાલ બોરીસાગરે ઉપસ્થિત સર્જકો, નવોદિતો સમક્ષ ‘શુદ્ધ લેખન’ વિશે વક્તવ્ય આપ્યું હતું. સૌ સાથે ચર્ચા – સહચિંતન કર્યું હતું.

(૮) કીમ એજ્યુકેશન સોસાયટી સાહિત્ય, સંગીત, નૃત્ય નાટ્ય, કલા અકાદમી અને શ્રી પુરુષોત્તમભાઈ હરિભાઈ ઉમરાવ કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ, કીમના સંયુક્ત ઉપક્રમે કીમ ખાતે પચ્ચીસમું જ્ઞાનસત્ર યોજાયું હતું. આ જ્ઞાનસત્ર નિમિત્તે અમારી કૉલેજ તરફથી વિદ્યાર્થી પ્રતિનિધિઓ માટેની અહેવાલ-લેખનસ્પર્ધાનું આયોજન થયું હતું. અમને દોઢસો (૧૫૦) જેટલા અહેવાલ મળ્યા હતા, જેમાંથી નીચે મુજબના વિદ્યાર્થી પ્રતિનિધિઓ વિજેતા બન્યા છે.

પ્રથમ ક્રમ : કેતન વિ. કાનપરિયા, ગુજરાતી સાહિત્ય ભાષાભવન,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ

દ્વિતીય ક્રમ : રતિલાલ કે. રોહિત, એમ.એ. (ફાઇનલ), ગુજરાતી વિભાગ,
માનવવિદ્યાભવન, સરદાર પટેલ યુનિવર્સિટી, વિદ્યાનગર

તૃતીય ક્રમ : (૧) વાઢેર હરેન્દ્ર જયંતિભાઈ (એમ.એ. પાર્ટ-૧)
નવયુગ આર્ટસ કૉલેજ, રાંદેર રોડ, સુરત
(૨) ડામોર મનિષાબહેન નાથાભાઈ (એમ.એ.-૧)
ભાષાભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ

પ્રથમ વિજેતાને રૂ. ૧,૦૦૧, દ્વિતીય વિજેતાને રૂ. ૭૫૧ અને તૃતીય વિજેતાઓને રૂ. ૫૦૧નું ઇનામ આપવામાં આવશે.

આ અહેવાલ લેખનસ્પર્ધાના નિર્ણાયક તરીકે શ્રી જયેન્દ્રપુરી આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, ભરૂચના પ્રા. મીનળબહેન દવેએ સેવા આપી હતી.

## (૯) ઊંબરો મૂકીને ડુંગરો શોધ્યો : એક અનોખો સાહિત્યિક પ્રયોગ

ગુ.સા.પ અને આદિવાસી અકાદમીના સંયુક્ત ઉપક્રમે ગત શરદપૂર્ણિમાના રોજ (તા. ૧૪-૧૫ ઑક્ટો. ૨૦૦૮) એક અનોખો સાહિત્યિક પ્રયોગ રચાયો હતો. એ હતો, મૌખિક પરંપરાના વાર્તાકારો અને લેખિત પરંપરાના વાર્તાકારોનું, ભાષા, સાહિત્ય અને સમાજ વિશેનું સહચિંતન. કૃતિથી સંસ્કૃતિ સુધીના આ આદાનપ્રદાનમાં બેય ધારાઓની સાયુજ્યની પણ એક શક્યતા રચાઈ. આ કાર્યક્રમનું એક ખૂબ સબળ પાસું એ રહ્યું કે લુપ્ત થતી ભાષા અને એના સાહિત્યના જતન માટે ગંભીરતાથી ચિંતન થયું. કૃતિ દ્વારા બેય ધારાની ખૂબી અને મર્યાદાઓ, બેય ધારાના વાર્તાકારોએ તપાસી. અને છેવટે સૌના ઉત્કર્ષ માટે ભાષાના સંવર્ધન માટે કટિબદ્ધ થવાની નેમ અંકે કરી.

૧લી મે ૨૦૦૮ના રોજ દાંડીમાં, પરિષદપ્રમુખની હાજરીમાં પરિષદ અને આદિવાસી અકાદમીએ કેટલાક વિશિષ્ટ કાર્યક્રમ યોજવાનું નક્કી કર્યું, જેના અંતર્ગત આ અનોખો કાર્યક્રમ-પ્રયોગ યોજાયો હતો.

પ્રખ્યાત સાહિત્યકાર શ્રી ભગવતીકુમાર શર્માએ એમના બીજરૂપ વક્તવ્યમાં ગુ.સા.પ. અને આદિ. અકાદમીને અભિનંદન પાઠવી, કથનશૈલી અને લેખનશૈલીની સાહિત્યયાત્રાનો ચિતાર આપતાં મધ્યકાલીન સાહિત્યને યાદ કર્યું. બેય ધારાનું નિકટત્વ સધાય અને નવી ચેતના

આકારિત થાય એવા શુભાશિષ આપ્યા હતા.

મૌખિક પરંપરામાંથી મનોજ ચૌધરી, ડાહ્યાભાઈ બઢુ, ભગુભાઈ ગામિત, ધીરુભાઈ પટેલ વગેરેએ વાર્તાઓની રજૂઆત કરી હતી, જ્યારે લેખિત પરંપરામાંથી જનક નાયક, સંજય ચૌધરી, ડૉ. પ્રફુલ્લ દેસાઈ, ડૉ. ભારતી રાણે, કુસુમ પટેલ, સ્મિતા પારેખ, રીના ત્રિવેદી વગેરેએ પોતાની કૃતિનું વાચન કરેલું. રવીન્દ્ર પારેખે લેખિત વાર્તા ધારા વિશે વાત કરી. વિક્રમ ચૌધરી તથા રાજેન્દ્ર પટેલે આખા કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. આદિવાસી અકાદમીના નિયામકશ્રી અશોક ચૌધરીએ આવકાર આપ્યો. તથા આનંદ વસાવા, નરેશ શુક્લ, જયાનંદ જોષી, શાંતિલાલ મેરાઈએ ચર્ચામાં સઘન ભાગ લીધો હતો. વળી, લોકકલાકારોએ સંગીત, નૃત્ય દ્વારા આખા કાર્યક્રમને દિપાવ્યો હતો.

છેક પૂનાથી આ કાર્યક્રમ અર્થે પ્રખ્યાત ભાષાવિજ્ઞાની શ્રી લક્ષ્મણ ખૂબચંદાની પધારેલા. એમણે મૌખિક પરંપરા વિશે જણાવ્યું કે મૌખિક કથનશૈલીમાં, લોકસાહિત્યમાં એક ગતિ છે. એ સમગ્ર જાતિની સંપત્તિ છે; એ રજૂ થતાં દરેક વખતે નવું રૂપ પામે છે અને ડાયલેક્ટ એ રીતે પુનઃ પુનઃ જીવિત રહે છે. એના વિકાસ માટે આપણે સહિયારો પ્રયત્ન કરવો જોઈએ. કાનજી પટેલે મૌખિક પરંપરાના કથાસાહિત્ય વિશે વાત કરતાં કહ્યું કે આ પ્રવૃત્તિ ઊંબરો મૂકીને ડુંગરો શોધવા નીકળવા જેવી આહ્લાદક છે. ગણેશ દેવીએ ૧૨ વર્ષના આ દિશામાં એમણે કરેલાં કાર્યોનો આલેખ આપ્યો, પણ બધાના હજુ વધુ સઘન પ્રયત્નોની ટહેલ પણ કરી હતી. એમના વક્તવ્યમાં જનજાતિ માટેની એમની નિસ્બત, એમનું દર્શન અને એને હાંસલ કરવાની સક્ષમતા ઊભરી આવી હતી. UNESCOએ ભીલી બોલીને ભાષા તરીકે સ્વીકારી એનો ઉમળકો સૌએ માણ્યો. સમાપન  કરતાં રાજેન્દ્ર પટેલે કહ્યું કે ભાષાની આ અનન્ય પ્રક્રિયા પરંપરાની અને પાંગરતી ચેતનાને જોડનારી કડી છે. એની જતન કરવાની સૌ સાહિત્યકારો, સર્જકોની નિસબત હોવી જોઈએ.

**– ઇતુભાઈ કુરકુટિયા**